# તહેવારોમાં સાતમની તિથિ અંગે ગૃહિણીઓમાં અસમંજસ

## સંકટ ચતુર્થી બુધવારે સવારે ૧૧ વાગે શરૂ થશે તે પછીના તહેવારો રાબેતા મુજબ ગણાશે

ગાંધીનગર, તા.૧૨

હિન્દુ તહેવારોમાં સુર્ય ચંદ્ર આધારિત તિથિઓ નક્કી થતી હોવાથી ઘણી વખત અમુક તિથિઓ ભેગી અથવા ક્ષય થતી જોવા મળે છે. પવિત્ર શ્રાવણ માસમાં અતિ મહત્વના ગણાતા પરબલાં માં પણ એક તિથિ એટલે કે સાતમ અંગે ગૃહિણીઓ અસમંજસમાં પડી છે. જો કે પંચાગ અનુસાર સંકટ ચતુર્થી બુધવારે સવાર ૧૧ વાગે શરૂ થઈ જતી હોવાથી બીજા તમામ તહેવારો રાબેતા મુજબ ગણાશે અને જન્માષ્ટમી રવિવારના દિવસે ઉજવાશે.



પવિત્ર શ્રાવણ માસમાં નાગપાંચમ, રાંધણ છઠ્ઠ અને શિતળા સાતમ સહિત જન્માષ્ટમીનું ધાર્મિક મહત્વ અનેક ગણું છે. ત્યારે સવંત ૨૦૧૪ના શ્રાવણ માસમાં સાતમની તિથિ અંગે કોઈ કેલેન્ડરમાં ઉલ્લેખ ન હોવાથી ગૃહિણીઓ ભારે મુંઝવણમાં મુકાઈ છે.

જો કે ભરતભાઈ કે. શાસ્ત્રીએ પંચાગ અનુસાર આ અંગે સ્પષ્ટતા કરી છે કે સંકટ ચતુર્થી જે કેલેન્ડરમાં ગુરુવારે દર્શાવવામાં આવી છે તે ખરેખર બુધવારે સવારે ૧૧ વાગ્યાથી શરુ થઈ જશે અને ગુરુવારના રોજ પાંચમ ગણાશે. શુક્રવારના રોજ છઠ્ઠ ગણાશે અને શનિવારના રોજ સાતમ ગણાશે. આમ સંકટ ચતુર્થી ગુરુવાર વહેલી સવારે પૂર્ણ થઈ જાય છે.

વધુમાં તેઓએ જણાવેલ છે કે દેશના પ્રખર જયોતિષાચાર્યોએ બનાવેલા પંચાગ મુજબ દર મહિને અમાસના દિવસે ચંદ્ર અને સુર્યને એક રાશિમાં લાવવા જ પડતા હોય છે. અને સુર્ય ચંદ્રના ઔંશ એક સાથે રાખવા માટે વત્તા ઓછા પ્રમાણમાં ચંદ્રની ક્ષય તિથિ અને વૃધ્ધિ તિથિનું આયોજન કરવા માટે આ પ્રમાણે તિથિઓમાં ફેરફાર જોવામળી રહ્યા છે.

હિંદુ તહેવારોમાં ઉપવાસનું મહત્વ ખુબ જ હોવાથી ચોકકસ તિથિ અનુસાર તહેવારો ઉજવાતા હોય છે. જેથી સાતમની તિથિ અંગે પંચાગ અનુસાર વર્તવું જોઈએ તેવું માનવામાં આવે છે. જો કે સંકટ ચતુર્થી થી જ તિથિઓમાં ફેરફાર થઈ જતો હોઈ આવતા તહેવારો તિથિ મુજબ જ ગણાશે તેવો પંચાગમાં ઉલ્લેખ થયેલો છે.




મહિલા સશક્તિકરણ પખવાડીયાની ઉજવણીના ભાગરૂપે આજે સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે મહિલા કાનુની સેમિનારનું આયોજન ગાંધીનગર ડીએસપી શરદ સિંઘલ દ્વારા સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત કરવામાં આવ્યું હતું. જિલ્લાની મહિલા સુરક્ષા સમિતિના સભ્યો, પીટીસી કોલેજની વિદ્યાર્થીનીઓએ આ સેમિનારમાં ભાગ લીધો હતો. સમારોહના મુખ્ય મહેમાનપદે અમદાવાદ મેયર મિનાક્ષીબેન પટેલ હતા. જિલ્લા પંચાયત પ્રમુખ હીનાબેન પટેલ, મેયર મહેન્દ્રસિંહ રાણાએ પણ પ્રાસંગિક ઉદ્‌બોધન આપ્યું હતું. સમાજમાં મહિલાઓનું મહત્વ સમજાવીને મહિલાઓને કારકિર્દીનો ગોલ પહેલેથી જ નક્કી કરવા હાંકલ કરવામાં આવી હતી. સેલ્ફ ડીફેન્સ કીટનું વિતરણ કરીને મહિલાઓને કાનુની સલાહ આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે પી.આઈ. પી.સી. વલેરા તથા સુરક્ષાસેતુના લાયઝન અધિકારીએ આભાર વિધિ કરી હતી.

# સે-૨૮ જીઆઈડીસી વિસ્તારમાં માર્ગ સુધારણાનું કામ હાથ ધરાશે

## વર્ષોથી ઉબડ ખાબડ રસ્તાઓને ચકાચક બનાવવા ૨.૫૦ કરોડ ખર્ચાશે

ગાંધીનગર, તા.૧૨

સે-૨૮ જીઆઈડીસી વિસ્તારમાં વર્ષોના અંતે રસ્તાઓ ચકાચક બનાવવાનું આયોજન કરવામાં આવશે. આ વિસ્તારમાં માર્ગ સુધારણાનું કામ હાથ ધરવા ૨.૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. તંત્ર દ્વારા નવા કામો અન્વયે દરખાસ્ત પણ કરી દેવાઈ છે.

શહેરમાં માર્ગ નવીનીકરણ અન્વયે બાકીના કામો પૂર્ણ કરવા તંત્ર દ્વારા થોડા સમય અગાઉ વિવિધ ૭ કામોને અનુલક્ષી વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી જેમાં જુના અને નવા સેકટરોમાં બાકી રહેતા આંતરિક માર્ગો સહિત મુખ્ય રસ્તાઓનું કામ હાથ ધરવા અંદાજિત રૂ. ૨૫ કરોડના ખર્ચને અનુલક્ષી દરખાસ્ત કરવામાં આવી છે. જયારે આ અગાઉ પણ માર્ગ નવીનીકરણ પાછળ રૂ. ૩૬ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી હતી. જો કે શહેરમાં હાલ વરસાદી ઋતુના લીધે માર્ગ નવીનીકરણના કામો બંધ છે. આગામી મહીનાના અંતે રસ્તાના કામો હાથ ધરવામાં આવશે. નગરનું રોડ નેટવર્ક ચકાચક બનાવવા કરોડોનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે જયારે વર્ષોથી ઉબડ ખાબડ ઔદ્યોગિક વિસ્તારના રસ્તાઓની મરામત તરફ પણ વિભાગે ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. તંત્ર દ્વારા સે-૨૮ જીઆઈડીસી વિસ્તારમાં રોડ નેટવર્ક સુધારવા આગામી દિવસોમાં કામ હાથ ધરાશે. આ અન્વયે રૂ. ૨.૫૦ કરોડના ખર્ચના અંદાજ સાથે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત સુપ્રત કરી દેવામાં આવી છે.

## ખૂણે... ...ખાંચરેથી

- આજે સચિવાલય ખાતે અધિક નિવાસી કલેક્ટરોની આખા દિવસની કોન્ફરન્સ યોજાઈ હતી.
- આજે જિલ્લાના કલેક્ટર શ્રી રવિશંકર પાટણ ગયા હતા.
- ૧૬ મીએ પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા પસંદગી પામેલા ઉમેદવારોને નિમણુંક પત્રો એનાયત કરવાનો સમારોહ ગાંધીનગર ટાઉનહોલમાં યોજાશે.
- શ્રાવણના ઉત્તરાર્ધમાં આવતા ઉત્સવોને લઈ નગરજનોમાં ભક્તિનું ઘોડાપુર હિલોળા લઈ રહ્યું છે.
- જાણીતા પત્રકાર શ્રી સુધીરભાઈ દવેનું આજે બિમારીને કારણે દુઃખદ અવસાન થયું છે.

# સે. ૨૮ બાલોદ્યાનના તળાવનુ રીનોવેશન કામ હાથ ધરાશે

## તળાવની સાઈડની દિવાલો અને ફ્લોરીંગ ખરાબ થતા પાણી ટકતુ નથી

ગાંધીનગર, તા. ૧૨

સે. ૨૮ બાલોદ્યાનના તળાવની સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી છે. જો કે, તળાવની સાઈડની દિવાલો અને ફલોરીંગ ખરાબ થઈ ગયું હોવાથી તંત્ર દ્વારા તળાવનુ રીનોવેશન હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ. ૫ લાખના ખર્ચે કરવામાં આવશે.

સે. ૨૮ બાલોદ્યાનને અદ્યતન ઢબે વિકસાવવાનો પ્રોજેક્ટ હજુ કાગળ ઉપર પણ આખરી થઈ શક્યો નથી. સહેલાણીઓમાં આગવી ઓળખ સમા બાલોદ્યાનની જાળવણીના અભાવે મીની ટ્રેઈન અને તળાવની વ્યવસ્થા દિનપ્રતિદિન ખાડે જતી જાય છે. થોડા સમય અગાઉ ભૂલકાઓની મીની ટ્રેઈનના પૈડા પણ થંભી ગયા હતા. લાંબા સમય બાદ ટ્રેઈનનું એન્જિન રીપેર થયું હતું. જયારે હાલ બાલોદ્યાનના તળાવની સફાઈ ચાલી રહી છે. તળાવની યોગ્ય જાળવણી ન થતા આકર્ષણના અભાવ વચ્ચે તળાવ ગંદકીનું કેન્દ્ર સ્થાન બન્યું છે. સફાઈ કામગીરી દરમિયાન તળાવની સાઈડની દિવાલો અને ફલોરીંગ યોગ્ય ન હોવાનુ સ્પષ્ટ થતા તળાવના રીનોવેશન માટે તંત્ર દ્વારા આયોજન હાથ ધરવામાં આવ્યું છે. હાલ તળાવમાં લીકેજીસના લીધે પાણી ટકતુ ન હોવાનું ધ્યાને આવ્યું છે. આ સ્થિતિને ધ્યાને લઈ તંત્ર દ્વારા તળાવમાં જરૂરી રીનોવેશનનું કામ હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે. જેમાં તળાવની સાઈડની દિવાલોની મરામત પ્લાસ્ટર અને તળિયામાં ફ્લોરીંગનું કામ પણ હાથ ધરવામાં આવશે.



વૃક્ષયાત્રા - ગ્રીન ગાંધીનગર, કલીન ગાંધીનગર સૂત્રને સાર્થક કરવા ગાંધીનગરમાં સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા પર પ્રસંશનીય કામગીરી થાય છે... પર્યાવરણ ક્ષેત્રે ઉદાહરણ રૂપ કામ કરતી વનશ્રી સંસ્થા દ્વારા વૃક્ષયાત્રા વન વિભાગના સહયોગથી નગરમાં યોજાઈ હતી. નાગરિકોને આંગણે વાવવા માટે અલગ-અલગ પ્રકારના રોપાઓ નિઃશુલ્ક વિતરણ કરાતા હતા. એટલું જ નહિ વનશ્રીના સ્વયંસેવકો વનસંવર્ધન માટે સમજણ પણ આપતા હતા.

## ખોવાયેલ છે

તા. ૧૯-૨૦૧૪ના રોજ પથિકાશ્રમથી સેક્ટર-૩૦ તરફ જવાના માર્ગ પર ઓટો રીક્ષામાં મારા શૈક્ષણિક પ્રમાણપત્રો અને ડોક્યુમેન્ટ એક પોલીથીલીન બેગમાં પડી ગયેલ છે. જે કોઈને મળે તેમણે તુરંત સંપર્ક કરવા વિનંતી છે.

**મનીષા તંવર**
બ્લોક નં. ૧૭૨/૨, ચ-ટાઈપ,
સેક્ટર-૩૦, ગાંધીનગર
મો. ૯૪૦૮૬ ૭૫૩૮૩



આકાશ ગોરંભાયું - મંગળવારની સાંજે ગાંધીનગરના પાદરે મેઘરાજા જાણે અષાઢી મૂડમાં પધારશે એવો માહોલ આકાશ દર્શનથી વર્તાતો હતો. ચારેય તરફ વાદળો ગોરંભાયા હતા. મંદગતિએ પવન ફૂંકાતો હતો અને ઘડી-બેઘડીમાં વરસાદ તૂટી પડશે એવા માહોલમાં પણ સાંજ આખી કોરીકટ ગઈ.... (તસવીર : કશ્યપ નિમાવત)

# શાંતિગ્રામ-ખોરજ સાઈટ પરથી બે સાદા ઝાડાના કેસ મળતાં તંત્રમાં દોડધામ

## અધિકારીઓની વ્યસ્તતાને લઈ તંત્ર અવઢવની સ્થિતિમાં

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં પણ પાણીજન્ય રોગચાળો દિન પ્રતિદિન વકરી રહ્યો હોવાથી આરોગ્ય તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. શાંતિગ્રામ ખોરજની સાઈટ પરથી કોલેરા પોઝીટીવનો કેસ મળ્યા બાદ આજે વધુ બે ઝાડા-ઉલ્ટીના કેસ મળી આવ્યા છે.

આરોગ્ય તંત્રના સૂત્રઓમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ બે દર્દીઓને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા છે. આ બન્ને દર્દીઓને સાદા-ઝાડા હોવાનું પરીક્ષણમાં બહાર આવતાં તંત્રએ રાહતનો દમ જરૂર લીધો છે પરંતુ તંત્રની ચિંતામાં વધારો થયો છે.

ગાંધીનગર જિલ્લાની વિવિધ કન્સ્ટ્રક્શન સાઈટો પર પાણીજન્ય રોગચાળાએ જે રીતે માથુ ઉંચક્યુ છે તેને લઈ હવે નોટીસો ફટકારવાની ગંભીર વિચારણા હાથ ધરાઈ છે.

આરોગ્ય તંત્ર ચૂપકીદી સેવી રહ્યું છે કારણ કે જિલ્લાવહીવટીતંત્રના બધા જ અધિકારીઓ સરકારી કાર્યક્રમોમાં વ્યસ્ત છે તેમજ આ માટે કડક પગલાં લેવાની સૂચનાઓ પણ આપતા નથી. આરોગ્ય તંત્રએ ખોરજ વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર જાહેર કરવો કે નહિ તેને લઈ પણ તંત્ર અવઢવની સ્થિતિમાં છે. અહિંથી છુટા છવાયા કેસો મળી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ગઈકાલે આ સાઈટ પર આરોગ્યતંત્રના ઉચ્ચ અધિકારીઓએ બેઠક પણ કરી અને તપાસ હાથ ધરી હતી. જેમાં મચ્છરોના બ્રીડીંગ પણ મળી આવ્યા હતા.

ગત વર્ષે આ વિસ્તારમાંથી કેસો મળતાં કલેક્ટરે ૧૩૫ મુજબ નોટીસ ફટકારી હતી. જો કે હજુ તંત્ર આ દિશામાં શું કરવું તેને લઈ મુંઝવણ અનુભવી રહ્યું છે.

## ચોથી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. વસુબેન નારણભાઈ ચુડાસમા**
સ્વ. તા. ૧૩-૮-૨૦૧૦, જન્મ તા. ૭-૬-૧૯૫૦

સત્યગુરૂ ઈતના દીજીએ જ્યાં મેરા કુટુંબ સમાય
મેં ભલા ભુખા રહુ મેરા સંત ભુખ્યા ન જાય.

આપના દિવ્ય ઉચ્ચ સંસ્કારો, પ્રેરક આદર્શો, કર્તવ્ય નિષ્ઠા, સેવાભાવના અને આપના અવિરત પરિશ્રમ દ્વારા અમોને મળેલ સફળતા, શ્રેય, આપે આદરેલા અને સતત જીવનભર ચલાવેલા કર્મયજ્ઞની ફળશ્રુતિ છે. અમે આપના અત્યંત ઋણી છૂએ.
જગતનિયંતા પરમાત્મા આપના પુણ્યશાળી આત્માને ચીરદાયી શાંતિ અર્પે એ જ અભ્યર્થના
આપના અત્માને કોટિ કોટિ વંદન...

લિ.
**નારણભાઈ બી. ચુડાસમા**
જીતેન્દ્ર, રાજેશ, શૈલેષ, સંજય (પુત્રો)
દક્ષાબેન (પુત્રી), જયેશકુમાર (જમાઈ), મણીબેન (નણંદબા)
માયાબેન, કનુબેન, ઉષાબેન, સ્મૃતિબેન (પુત્રવધુઓ)
નિશા, નિધિ, નૈયત્રી, પ્રિયા, હાર્દિકા, નેહા, આયુશી (પૌત્રીઓ)
માનુષ, તીર્થ, વૈભવ, યુવરાજ (પૌત્રો)
શંકર, ગુલાબ, જીવારામ, ગોપાલ (ભાઈઓ)
શાન્તાબેન, હિરાબેન, કંચનબેન, ગીતાબેન (ભાભીઓ)

## બેસણું



સ્વ.રાજેન્દ્રકુમાર બાબુલાલ લોધા
સ્વ.તા.૧૧/૮/૨૦૧૪

બાબુલાલ દુર્ગાપ્રસાદ લોધા (લાટીવાળા) ના સુપુત્ર રાજેન્દ્રકુમાર બાબુલાલ લોધા તા. ૧૧/૮/૨૦૧૪ ને સોમવારના રોજ દેવલોક પામ્યા છે. પ્રભુને ગમ્યુ તે ખરૂં. સદ્‌ગતનું બેસણું તા. ૧૩/૮/૨૦૧૪ ને બુધવારના રોજ સાંજે ૪ થી ૭ નીચેના સ્થળે રાખે છે.

સ્થળ :- લોધ વાસ, રાજપુર રોડ, ડીસા

લી.
રમેશભાઈ બી. લોધા (ભાઈ)
ગીરધરલાલ બી. લોધા (ભાઈ)
મનુભાઈ બી. લોધા (ભાઈ)
કાન્તીલાલ બી. લોધા (ભાઈ)
કે.બી. લોધા - સસ્તા અનાજની દુકાન
અરવિંદભાઈ બી. લોધા - મહાકાળી ઓટો ગેરેજ, ડીસા
હરેશભાઈ બી. લોધા (ભાઈ)

# પ્રભારી સચિવોને તાલુકા મથકોએ બેઠકો યોજવા સૂચના

ગાંધીનગર, તા. ૧૨

જિલ્લા મથકોને બદલે હવે જિલ્લાના તાલુકા મથકોએ જિલ્લાના અધિકારીઓ સાથે બેઠક યોજવા માટે જિલ્લા પ્રભારી સચિવોને સૂચનાઓ આપવામાં આવી છે.

સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ જિલ્લાના પ્રશ્નો જિલ્લા કક્ષાએ જ સાંભળીને ઉકેલવામાં આવે તેમજ રાજ્ય સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલ વિવિધ કલ્યાણકારી યોજનાઓના અમલીકરણ અને તેના મોનીટરીંગ માટે દરેક જિલ્લામાં રાજ્ય સરકાર દ્વારા જિલ્લા પ્રભારી સચિવોની નિમણુંકો કરવામાં આવેલી છે.

જિલ્લા પ્રભારી સચિવોએ મહિનામાં ઓછામાં ઓછી એકવાર પ્રભારી જિલ્લાની મુલાકાત લઈને જિલ્લા કક્ષાના અધિકારીઓ સાથે બેઠક યોજવાની હોય છે.

● અનુસંધાન પાન-૭ પર

Process Paid Rs. 15/- Dated :- 20/6/11 | Shri. B.S. Patil Advocate for applicant Exh No. 24/5

**PUBLIC NOTICE**

**IN THE COURT OF HON'BLE MEMBER MOTOR ACCIDENT CLAIMS TRIBUNAL RAIGAD [MAHARASHTRA STATE]**

Accident claim petition no. 237/2008
**Prafull Pralhad Patil** — **Applicant**
At Chirale, Po. Jasai
Tal. Uran, Dist. Raigad
**Versus**
**1) M/s. Radhakrishna Shipping Pvt. Ltd.**
Indraprastha Arcade, Shop No. 18,
Tokarkhada, Khanvel Road, Tokarkhada,
Silvasa, Div. Daman

WHEREAS, Applicant Prafull Pralhad Patil has filed accident claim petition No.23708 in the Court of learned member of Motor Accident Claim Tribunal at Raigad, Alibaug [Maharashtra State] Claiming compensation of Rs.5,00.000/- against you opponent no.1 M/s. Radhakrishna Shipping Pvt. Ltd. and you did not remain present through summonces are duly send upon you from time to time.

AND WHEREAS, Opponent no. 1 M/s. Radhakrishna Shipping Pvt. Ltd. you are hereby inform by this public notice that you have to appear and file your written statement on19/8/14 in this court at 11.00 A.M. without fail. If you failed to appear in the Court personally or through your Advocate, then in that event matter will be heard in your absence/ex. Parte and matter will be proceeded further. Please take note of this. Given today on this 01/08/2014 under my signature and seal of the court.

Jr. Clark District Court Alibaug - Raigad | Court Seal | Superintendent District Court Alibaug - Raigad

SANGHI CEMENT | KisaN | ashirvad C. PVC, UPVC | TATA STEEL • PIPES • SHEETS | VINAYAK 500 TMT BARS - ISI | BENELAVE BATH FITTINGS | DR.FIXIT

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! | CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

## જાહેર ખુલાસો

અમો (૧) સુપ્રીયકુમાર અમૃતભાઈ પ્રજાપતિ (૨) અમૃતભાઈ શકરાભાઈ પ્રજાપતિ (૩) દક્ષાબેન અમૃતભાઈ પ્રજાપતિ (૪) ભૌમિકભાઈ રમેશભાઈ પ્રજાપતિ (૫) પરીસાબેન ભૌમિકભાઈ પ્રજાપતિ નાઓ આ ખુલાસાથી જણાવીએ છીએ કે, 'ગાંધીનગર સમાચાર'ના ૭/૮/૨૦૧૩માં પાન નં.૨ ઉપર છાપવામાં આવેલી 'સમાજ ચિંતન'ના લેખ અમોએ છપાવેલ નથી કે તેની સામે અમારે કોઈ નીસ્બત નથી.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com